**રે.દિ.મુ.નં.૧૧/૨૦૧૯**

**આંક–૫ લગત હુકમ**

**૧.** વાદીની આંક–૫ની મનાઇઅરજી તથા પ્રતિવાદી નં.૧ તરફે આંક–૧૩ થી રજુ થયેલ વાદીની આંક–૫ ની મનાઇ અરજીનો જવાબ વંચાણે લીધા. પક્ષકારોના વિ.વ. શ્રીઓને સાંભળ્યા. વાદી તથા પ્રતિવાદી તરફે દલીલો સાંભળી.

**૨.** વાદીની આંક–૫ની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના મુળ વાદી હેમંતાબેન ભરતભાઇ શાહ હાલ પરદેશ મુકામે રહે છે. અને તેઓએ તેમના મિલકતનો વહીવટ કરવા માટે આ દાવાઅરજી ઉપરસહી કરનારને કુલમુખત્યાર પત્ર આપેલ છે. વાદીની મોજે ગામ વાલોડ, તા.વાલોડ, જી.તાપી મુકામે આવેલ બ્લોક નં.૧૪૪૭ હે.આરે.ચો.મી. ૦–૪૦–૪૭ આકાર રૂ.૬.૩૧ નો પ્રત્યક્ષ કબજો ભોગવટો વાદી નો ચાલી આવેલ છે. અને તેમાં વાદી મોટા ભાગે શાકભાજી તથા મોસમી તુલ કરી ઉપજ લેતા આવેલ છે. સદર જમીનનો લાગુ મોજે વાલોડ, તા.વાલોડ, જી.તાપીની બ્લોક નં.૧૪૪૬ જેનો હે.આ.૦–૦૭–૦૮ ચો.મી. આકાર રૂ.૧–૧૩ પૈસાવાળી જમીન આવેલ છે. સદર જમીન રેવન્યુ દફતરે તેના માલીક બુધીચાભાઇ છનીચાભાઇ, કિકલીબેન સરાદભાઇ, મંગીબેન સરાદભાઇ, બબલીબેન સરાદભાઇ અને મંછીબેન સરાદભાઇના નામે ચાલે છે. જેઔ આદિવાસી ગ્નાતિના છે અને તેથી સદર તેઓની જમીન લેન્ડ રેવન્યુ કોડ ની કલમ–૭૩ એ એ ને આધિન છે તેમ છતા આ કામના પ્રતિવાદીએ સદર જમીન ઉપર ગેરકાયદેસર કબજો કરેલ છે. પરંતુ પ્રતિવાદીના કાયદા વિરુધ્ધના કુત્ય સાથે વાદીને કોઇ સીધો સંબંધ નથી. પરંતુ પ્રતિવાદી તે જમીનના પ્રત્યક્ષ કબજામાં હોય અને પ્રતિવાદી મજકુર વાદીના મોજે વાલોડની બ્લોક નં.૧૪૪૭ ની જમીનમાં હસ્તક્ષેપ કરતા હોય તેમની વિરુધ્ધ હાલનો આ દાવો કરેલ છે.

વાદીને મળેલ માહીતી પ્રમાણે આ કામના પ્રતિવાદી મજકુર ખેતીની જમીનમાં કોઇપણ જાતની પરવાનગી મેળવ્યા વિના ગેરકાયદેસર રીતે તે જમીનમાં મકાનનું બાંધકામ કરી રહ્યા છે. અને આ બાંધકામ કરતી વખતે પ્રતિવાદીએ વાદીની જમીનમાં જે કાંટાની વાડ હતી તે કાઢી નાંખી ત્યાં ગેરકાયદેસર રીતે દિવાલ બાંધવાનું આયોજન

કરી રહેલ છે તેટલુ જ નહી પરંતુ પ્રતિવાદી તેના ઢોર પણ અવાર નવાર વાદીની જમીનમાં ઘુસાડી દઈ તુલનો નાશ કરી રહેલ છે. જેથી વાદીએ હાલનો દાવો પ્રતિવાદી વિરુધ્ધ નામદાર કોર્ટમાં કરેલો છે.પ્રતિવાદી સદર મોજે વાલોડની બ્લોક નં.૧૪૪૬ ની જમીનમાં જે બાંધકામ કરે છે તે બાંધકામ ખેતીની જમીનમાં કોઈપણ જાતની કાયદેસરની પરવાનગી લીધા વિના અને ગેરકાયદેસર કૃત્ય કરી બાંધકામ કરતા હોય અને તે રીતે ન્સન્સ કરતા હોય પ્રતિવાદીનું બાંધકામ ગેરકાયદેસર ઠરાવી તથા પ્રતિવાદીએ જે દિવાલનું બાંધકામ ચાલુ કરેલ છે તેમાં વાદીની હદમાં કેટલુ દબાણ કરેલ છે તે દબાણ અટકાવવા તથા વાદી તથા પ્રતિવાદીની હદનિશાની નક્કી કરી લેવા હાલનો દાવો કરેલ છે. સદર દાવાઅરજીના ભાગરૂપ હાલની દરમ્યાન મનાઈઅરજી આ કામના પ્રતિવાદી દાવાનું કામ ચાલી આખરી નિર્ણય ન આવે ત્યાં સુધી આ કામના પ્રતિવાદીની મોજે વાલોડ ની બ્લોક નં.૧૪૪૬ વાળી ખેતીની જમીન છે અને તે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૭૩ એ એ ને આધિન હોય તેમાં મકાનનું બાંધકામ સક્ષમ અધિકારીની પરવાનગી વિના કરે છે તે બાંધકામ કરાવે નહી તથા પ્રતિવાદી જે વાદીની જમીનની હદમાં જે દિવાલનું બાંધકામ કરે છે જે બાંધકામ કરે કરાવે નહી તેમજ વાદીની જમીનમાં અડચણ કરે કરાવે નહી તેવો દરમ્યાન મનાઈહુકમ ફરમાવા હાલની અરજી કરેલ છે. વાદીનો પ્રથમદર્શનીય કેસ છે. વાદીને માંગ્યા મુજબનો દરમ્યાન મનાઈહુકમ આપવામાં ન આવે તો વાદીનો કાયદેસરનો કબજો ઝુટવાઈ જાય તેમ છે. જે સંજોગોમાં બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે અને વાદીને નાણામાં આંકી ના શકાય તેવુ નુકસાન થાય તેમ છે.

આથી વાદીએ હાલની કામચલાઉ મનાઈઅરજી કરી પ્રતિવાદીએ વાદીની બ્લોક નં. ૧૪૪૭ વાળી મિલકતમાં ગેરકાયદેસર પ્રવેશ કરી રહ્યા હોય તથા ગંદુ પાણી વિગેરે છોડતા હોય પ્રતિવાદી વાદીની મિલકતમાં હસ્તે કે પરહસ્તે ગેરકાયદેસર કૃત્ય કરે નહી તેવો દાવાના આખરી નિકાલ થતાં સુધીનો દરમ્યાન મનાઈહુકમ ફરમાવવાની દાદ માંગેલ છે.

વાદી પોતાની હાલની અરજીના સમર્થનમાં નિ.૩/૧ થી નિ.૩/૪ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે.

**૩.** પ્રતિવાદીને દાવાઅરજી તથા મનાઈઅરજીના સમન્સ ધોરણસર બજી જતા, પ્રતિવાદી નં.૧ નાઓએ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક–૧૩ થી વાદીની દાવાઅરજી તથા મનાઈઅરજી વિરુધ્ધ પોતાનો લેખિત જવાબ રજુ કરેલ છે. સદર રજુ થયેલ લેખિત જવાબ ની ટુંકમાં હકીકત જોવામાં આવે તો મુખ્યત્વે પ્રતિવાદીએ વાદીની મનાઈઅરજીની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. વાદી દ્વારા કઈ જમીનમાં જમીનના કયા ભાગમાં કેટલા હિસ્સામાં ક્યા પ્રકારનું અતિક્રમણ કરેલ છે તે ક્યાય સ્પષ્ટ જણાવેલ નથી. સદર કામે વાદીએ પોતાની અરજીમાં જણાવેલ છે કે, મોજે વાલોડની બ્લોક નં.૧૪૪૬ વાળી જમીનના રેવન્યુ દફતરે તેના માલીક બુધીયાભાઈ છનીયાભાઈ, કિકલીબેન સરાદભાઈ, મંગીબેન સરાદભાઈ, બબલીબેન સરાદભાઈ અને મંછીબેન સરાદભાઈના નામે ચાલે છે. જેઓ આદિવાસી ગ્નાતિના છે અને તેથી સદર તેઓની જમીન લેન્ડ રેવન્યુ કોડ ની કલમ–૭૩ એ એ ને આધિન છે તેમ છતા આ તમામ વ્યક્તિઓને હાલના દાવાના કામે પક્ષકાર બનાવેલ નથી. આથી વાદીના હાલના દાવાને પક્ષકારોની ખામીનો બાધ નડતો હોઈ પ્રથમથી જ દાવો રદ છે. હાલનો દાવો કારણ વિનાનો છે તેમજ વાદીને હાલનો દાવો કરવાનો કોઈ હક્ક અધિકાર નથી. પ્રતિવાદી પશુપાલનનો વ્યવસાય કરતા નથી તેથી ઢોરો વાદીની જમીનમાં ઘુસાડી દઈ તુલનો નાશ કરી રહેલ બાબત પાયા વિહોણી છે. પ્રતિવાદી કોઈ બાંધકામ કે દિવાલ કરતા હોય તેવા કોઈ દસ્તાવેજો હાલના કામે વાદીએ રજુ કરેલ નથી. વાદીને હાલની કામચલાઉ મનાઈઅરજીમાં માંગેલ દાદ મેળવવાનો કોઈ અધિકાર નથી. જમીનના મુળ માલીકને પક્ષકાર બનાવેલ નથી. આથી વાદીનો પ્રથમદર્શનીય કેસ નથી. કામચલાઉ મનાઈહુકમ આપવામાં ના આવે તો વાદીને કોઈપણ જાતનું નુકસાન થાય તેમ નથી. વાદીને માંગ્યા મુજબનો કામચાઉ મનાઈહુકમ આપવામાં આવેતો પ્રતિવાદીને નાણાથી ચુકવી ના શકાય તેવુ ગંભીર નુકસાન થાય તેમ છે. આથી હાલની કામચલાઉ મનાઈઅરજી ખર્ચ સહિત રદ કરવા રજુઆત કરેલ છે.

**૪.** આ કામે વાદીની આંક–૦૫ વાળી મનાઈઅરજી, પ્રતિવાદી નં.૧ તરફે આંક–૧૩ થી રજુ થયેલ લેખિત જવાબની હકીકતો તથા બંન્ને પક્ષકારો તરફે રજુ થયેલ દલીલ ધ્યાને લેતા આ અરજીના ન્યાયિક નિર્ણય માટે નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા</u>**

૧. શું વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરે છે ?

૨. શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે ?

૩. શું વાદીને માંગ્યા મુજબ મનાઇ નહી આપવામાં આવે તો તેને નાણાથી ભરપાઇ નાથઇ શકે તેવુ નુકસાન થાય તેમ છે ?

૪. શું હુકમ ?

**૫.** ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

**<u>નિર્ણયો</u>**

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. છેવટના હુકમ મુજબ

**<u>કારણો</u>**

**૬.** મુદ્દા નં.૧:૨:૩:– સિવિલ પ્રોસીઝર કોડના આદેશ ૩૯ નિયમ ૧–૨ મુજબ કામચલાઉ મનાઇહુકમ માટેની અરજીના નિકાલ માટે પ્રથમદર્શનીય કેસની ચર્ચા કરવાની હોય ત્યારે કોર્ટે બંન્ને પક્ષે રજુ થયેલ દસ્તાવેજ ઉપરથી દાવાનો કોઇ તકરારી મુદ્દો સમાયેલો છે કે કેમ ? તે નક્કી કરવાનું હોય છે તથા કયો પક્ષ તે મુદ્દો પોતાની તરફેણમાં છે તેમ પ્રથમદર્શનીય  રીતે દર્શાવે છે કે કેમ ? તે નક્કી કરવાનું હોય છે. હાલના તબક્કે કાયદા તેમજ હકીકત આધારીત પ્રશ્નોનો આખરી નિકાલ કરવાનો નથી. પરંતુ જે ચર્ચા કરવામાં આવે તે ફક્ત પ્રથમ દ્રષ્ટિય કેસ પુરતી જ મર્યાદીત છે. આ ત્રણેય મુદ્દાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા હોય આ ત્રણે મુદ્દાઓ એકબીજા સાથે સંલગ્ન હોવાથી ચર્ચાનું પુનરાવર્તન ટાળવાના હેતુસર આ ત્રણે મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

**૭.** આ કામે વાદીની મનાઇઅરજીની હકીકતો ઉપરોક્ત રજુ કરેલ છે તેથી તેનું પુનરાવર્તન ટાળવા અત્રે ફરીથી તેની લંબાણપુર્વકની ચર્ચા કરવામાં આવેલ નથી.

પરંતુ વાદીએ હાલની કામચલાઉ મનાઇઅરજી કરી પ્રતિવાદીએ વાદીની બ્લોક નં. ૧૪૪૭ વાળી મિલકતમાં ગેરકાયદેસર પ્રવેશ કરી રહ્યા હોય તથા ગંદુ પાણી વિગેરે છોડતા હોય પ્રતિવાદી વાદીની મિલકતમાં હસ્તે કે પરહસ્તે ગેરકાયદેસર કૃત્ય કરે નહી તેવો દાવાના આખરી નિકાલ થતાં સુધીનો દરમ્યાન મનાઇહુકમ ફરમાવવાની દાદ માંગેલ છે.

૮. હવે સદર વચગાળાનો મનાઇ હુકમ, તેનો પ્રતિવાદીએ આપેલ જવાબ અને તમામ દસ્તાવેજી તથા મૌખિક પુરાવા ધ્યાને લઇ વચગાળાના મનાઇ હુકમ અંગેના કાનુની પાસાઓની જોવામાં આવે તો  સદર વચગાળાના હુકમ મેળવવા માટેની અરજીમાં માત્ર ત્રણ જ મુદ્દા જોવાના હોય છે. **૧.** વાદીનો કેસ પ્રથદર્શનીય છે કે કેમ.? **૨.** સગવગ અગવડની સમતુલા વાદીની તરફેણમાં છે કે કેમ ? અને **3.** વાદીનો સદર વચગાળાનો હુકમ મંજુર કરવામાં ના આવે તો વાદીને નાણાથી ભરપાઇ ના થઇ શકે તેવું નુકસાન થાય છે કે કેમ ? વાદીએ આ સાથે તેની મનાઇ અરજી ના સમર્થનમાં નિ.૩/૧ થી ૩/૦૪ સુધી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. સદર કામે વાદી તરફે નિ.૩/૧ થી વાદી પાવર ઓફ એટર્ની રજુ થયેલ છે જે ધ્યાને લેતા સદર પાવર ઓફ એટર્નીના આધારે હાલનો દાવો દાખલ કરેલ છે. સદર કામે નિ.૩/૨ થી ખાતા નં.૨૮૯૫ ના ગામનમુના નં.૮–અ ની નકલ તથા નિ.૩/૩ થી બ્લોક નં.૧૪૪૭ ના ગામનમુના નં.૭ ની નકલ રજુ થયેલ છે. જે ધ્યાને લેતા તેમાં હેમંતાબેન ભરતભાઇ શાહનાઓનું નામ કબજેદાર તરીકે મોજે વાલોડની બ્લોક નં.૧૪૪૭ વાળી ખેતીની જમીનના રેવન્યુ રેકર્ડમાં હોવાનું જણાય આવે છે. પરંતુ સદર કામે બ્લોક નં.૧૪૪૭ વાળી જમીન હાલના કામના વાદીની માલીકીની કબજા ભોગવટાની હોવા અંગે કોઇ તકરાર હોવાનુ જણાય આવતુ નથી. સદર કામે નિ.૩/૪ થી મોજે વાલોડની બ્લોક નં.૧૪૪૬ ના ગામનમુના નં. ૭ ની નકલ રજુ થયેલ છે જે ધ્યાને લેતા તેમાં વાલોડની બ્લોક નં.૧૪૪૬ વાળી જમીનના રેવન્યુ દફતરે તેના માલીક બુધીયાભાઇ છનીયાભાઇ, કિકલીબેન સરાદભાઇ, મંગીબેન સરાદભાઇ, બબલીબેન સરાદભાઇ અને મંછીબેન સરાદભાઇના નામ હોવાનું જણાય આવે છે.

આમ, સદર કામે વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા મોજે વાલોડના બ્લોક નં.૧૪૪૬ વાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં હાલના કામના પ્રતિવાદીનું નામ

હોવાનું જણાય આવતુ નથી. તેમજ કોઈપણ રીતે બ્લોક નં.૧૪૪૬ વાળી જમીન પ્રતિવાદીના કબજા ભોગવટામાં હોય તે દર્શાવતો પણ કોઈ દસ્તાવેજી પુરાવો હાલના કામે વાદી તરફે રજુ થયેલ નથી. તેમજ સદર કામે વાલોડની બ્લોક નં.૧૪૪૬ વાળી જમીનના રેવન્યુ દફતરે તેના માલીક બુધીયાભાઈ છનીયાભાઈ, કિકલીબેન સરાદભાઈ, મંગીબેન સરાદભાઈ, બબલીબેન સરાદભાઈ અને મંછીબેન સરાદભાઈનાઓને હાલના કામે વાદીએ પક્ષકાર તરીકે જોડેલ નથી. હાલના કામે વાદીની બ્લોક નં.૧૪૪૭ વાળી જમીનમાં પ્રતિવાદીએ ગેરકાયદેસર પ્રવેશ કરી ગંદુ પાણી વિગેરે છોડતા હોય કે ગેરકાયદેસર કૃત્ય કરતા હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો હાલના કામે વાદી તરફે રજુ થયેલ નથી.

આમ, સદર કામે વાદીનો પ્રથમદર્શનીય કેસ જણાય આવતો નથી. તેમજ સગવડ અગવડની સમતુલા પણ વાદી કરતા પ્રતિવાદીઓની તરફેણમાં વધુ જાય છે. તેમજ હાલના કામે વાદીને પ્રતિવાદી વિરુધ્ધ માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં આવે તો પ્રતિવાદી નાઓને નાણાં માં આંકી શકાય નહી તેવુ નુકસાન થતુ હોવાનું જણાય આવે છે. પરંતુ જો વાદીને માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો વાદીને કોઈપણ પ્રકારનું નુકસાન થતુ હોવાનુ જણાય આવતુ નથી.

આથી સદર તમામ હકીકતો ધ્યાને લેતા હાલના કામે વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાય આવે છે. આ ઉપરાત વિવિધ ચુકાદાઓ જોઈએ તો, **૧. અદાણી એકસપોર્ટ વિ હિન્દુસ્તાન ઓર્ગેનિક કેમિકલ ૨૦૦૦.૦ જી.એલ.એચ.ઈ.એલ. ૨૦૦૧૫૮ ૨. અશ્વિન સોમાભાઈ પટેલ અને બીજાઓ વિ શ્રુગેન્દ્રપ્રસાદજી અજેન્દ્ર પ્રસાદજી અને બીજાઓ ૨૦૦૯.૩.જી.એલ,એચ.૧૩૮ અને ૩. બ્રિચ કેન્ડી સ્વિમિંગ બાથ ટ્રસ્ટ અને બીજા વિ. દિપેશ મહેતા અને બીજા એ.આઈ.આર. ૨૦૧૬. એન.ઓ. સી. ૧૬૭. બોમ્બે.** ઉપરોક્ત ત્રણે ચુકાદામાં ઠરાવામાં આવ્યુ છે કે વચગાળાનો મનાઈ હુકમ આપતી વખતે પ્રથમદર્શનીય કેસ સ્થાપિત કરવો જોઈએ છે. કેસના બધા જ પરિબળોને ધ્યાન પર લેવા જરૂરી નથી. એટલે સદર ચુકાદા મુજબ વાદીએ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવો જ પડે. **૧૯૮૬(૧) જી.એલ.આર. ૨૯૭ છત્રસિંહ માનસિંહ મહીડા વિ. ઈન્દ્રવદન રતીલાલ પટેલ** ના કેસ માં ઠરાવેલ છે કે, પક્ષકારનો પ્રથમદર્શનીય કેસ હોવા છતાં જો તેનો દાવો ટકવા પાત્ર ન હોય તો

વચગાળાનો મનાઇહુકમ આપી શકાય નહી. **એ.આઇ.આર. ૧૯૭૧ હિમાચલ પ્રદેશ ૨૯** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, પક્ષકાર વચગાળાની મનાઈઅરજીમાં તેનુ ટાઇટલ દર્શાવવામાં નિષ્ફળ જતો હોય તો તેનો પ્રથમદર્શનીય કેસ નથી તથા તેને નાણામાં ન ભરપાઇ થાય તેવુ નુકસાન થવાની સંભાવના નથી. **એ.આઇ.આર. ૨૦૧૩ એસ.સી.૧૦૯૯ મોહંમદ મહેતાબખાન અને બીજા વિ. ખુશનુમા ઈબ્રાહીમ અને બીજા** ના કેસમાં ઠરાવેલ છે કે, કોર્ટને ખુબ જ માત્રામાં સંતોષ થાય તો યોગ્ય કેસમાં વચગાળાનો મેન્ડેટરી હુકમ આપી શકે છે. હાલના કામે વાદીએ આદેશાત્મક કામચલાઉ મનાઇહુકમની દાદ માંગેલ છે. સદર આદેશાત્મક પ્રકારની દાદ જ્યારે અપવાદમાં પણ આપવાદ રૂપ કેસમાં આપી શકાય છે. જ્યારે હાલ ના કામે વાદીનો પ્રથમદર્શનીય કેસ જણાય આવતો ન હોય વાદીએ હાલના કામે માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇહુકમ આપવામાં ન આવે તો વાદીને નાણામાં આંકી ના શકાય તેવુ કોઇ નુકસાન થતુ હોવાનુ જણાય આવતુ નથી. જ્યારે સદર કામે વાદી એ માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇહુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને નુકસાન થતુ હોય તેમ જણાય આવે છે. જ્યારે સામે પક્ષે વાદીને તેમના માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇહુકમ આપવામાં ન આવે તો વાદીને કોઈ નુકસાન થતુ હોવાનુ જણાય આવતુ નથી. આમ, પ્રતિવાદીને વાદી કરતા વધુ નુકસાન થતુ હોવાનુ જણાય આવે છે. આમ, બેલેન્સ ઓફ કન્વીન્યન્સ પણ વાદી કરતા પ્રતિવાદીની તરફેણમાં વધારે હોવાનુ જણાય આવે છે.

હાલની અરજીના તબક્કે માત્ર અને માત્ર પ્રથમદર્શનીય કેસ, સગવડ અગવડની સમતુલા તથા નાણામાં આંકી શકાય નહી તેવું નુકસાન એ ત્રણ મુદ્દા જ ધ્યાનમાં રાખવાના હોય છે. સદર કામે વાદીને દાવાવાળી જમીનનો કબજો ભોગવટો કે માલીકી હક્ક હોવાનુ સદર કામે રજુ થયેલ તમામ દસ્તાવેજો તથા પક્ષકારોના પ્લીડીંગ્સ ઉપરથી જણાય આવતુ નથી.

હાલના કેસમાં વાદી પોતાની કામચલાઉ મનાઈઅરજીમાં પોતાનો કેસ પ્રથમદર્શનીય રીતે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. તેમજ સદર કામે વાદીને માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇહુકમ આપવામાં ન આવે તો કોઇ નાણામાં આંકી ન શકાય તેવુ નુકસાન વાદીને થતુ હોવાનુ રેકર્ડ ઉપરની હકીકતો તેમજ દસ્તાવેજો ઉપરથી જણાય આવતુ નથી. ઉપરાંત હાલના કામે સગવડ અગવડની સમતુલા પણ

પ્રતિવાદીની તરફેણમાં હોવાનુ જણાય આવે છે. વધુમાં Kashi Math Samsthan Vs Shrimad Sudhindra Thirtha Swamy ના કેસમાં સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, It is well settled that in order to obtain an order of injunction, the party who seeks for grant of such injunction has to prove that he has made out a prima facie case to go for trial, the balance of convenience is also in his favour and he will suffer irreparable loss and injury if injunction is not granted. But it is equally well settled that when a party fails to prove prima facie case to go for trial, question of considering the balance of convenience or irreparable loss and injury to the party concerned would not be material at all, that is to say, if that party fails to prove prima facie case to go for trial, it is not open to the court to grant injunction in his favour even if, he has made out a case of balance of convenience in his favour and would suffer irreparable loss and injury if no injunction order is granted.

નામદાર સુપ્રિમ કોર્ટે Kishore Samrite Vs State Of Uttar Pradesh And Others (2013) 2 SCC 398 ના કેસમાં ઠરાવેલ છે કે, The obligation to approach the court with clean hands is an absolute obligation and has repeatedly been reiterated by this court. નામદાર સુપ્રિમ કોર્ટે Tilokchand H.B. Motichand; A. Shanmugam Vs Ariya Kshatriya Rajakula Vamsathu Madalaya Nandhavana Paripalanai Sangam ના કેસમાં ઠરાવેલ છે કે, Person seeking equity must do equity. It is not just the clean hands, but also clean mind, clean Hear and clean objective that are the equi..fundamentals of judicious litigation

આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ હકીકતો તથા કામચલાઉ મનાઈઅરજી સંદર્ભેના વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ સદર કામે વાદી તેમનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. સગવડતા અગવડતાનું પલ્લુ પણ પ્રતિવાદીની તરફેણમાં વધારે જાય છે. વાદીની વચગાળાની મનાઈ અરજી મંજુર કરવામાં ન આવે તો વાદીને નાણામાં ભરપાઈ ના થઈ શકે તેવુ નુકસાન થાય તેમ નથી. વાદી પ્રથમદર્શનીય કેસ, બેલેન્સ ઓફ કન્વીન્યન્સ તથા નાણાંમાં આંકી

ન શકાય તેવુ નુકસાન એમ ત્રણેય મુદ્દાઓ પોતાની તરફેણમાં પુરવાર કરી શકેલ નથી. આમ, ત્રણે મુદ્દાઓ વાદીએ પોતાના પક્ષમાં પુરવાર કરેલ ન હોય મુદ્દા નં : ૧ થી ૩ નકારમાં ઠરાવી વાદીની આંક–૦૫ ની કામચલાઉ મનાઇઅરજી હેઠળ ન્યાયના હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

વાદીની આંક–૦૫ વાળી કામચલાઉ મનાઇ અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે. હાલની અરજીનો ખર્ચ દાવાના આખરી હુકમને અનુસરશે.

હુકમ આજ તારીખ ૧૮ મી માહે જાન્યુઆરી સને ૨૦૨૪ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૮/૦૧/૨૦૨૪
સ્થળ : વાલોડ

(રાહુલ સતીશભાઇ સિંગલ)
પ્રિન્સીપાલ સિવિલજજ,વાલોડ
કોડ નંબર : GJ01410